" પ્રેમ મહાન – પૈસા નહિ , કર્તવ્ય મહાન – વ્યકિત નહી "

# માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારી

" બલ્લુકાકા સંકુલ "

મુ. પો. બુહારી તા. વાલોડ, જી. તાપી (દક્ષિણ ગુજરાત)

એસ.ટી.ડી. : ૦૨૬૨૫
ઓફિસ : ૨૪૪૨૩૪/૨૪૪૨૩૫
કોલેજ : ૨૪૪૮૭૪
વિદ્યાલય : ૨૪૪૨૩૧
નિવાસ : ૨૪૪૨૪૨

પબ્લીક ટ્રસ્ટ નં. એફ. ૧૯ તાપી તા. ૨૯–૮–૧૯૭૭
સો રજી. નં. ગુજરાત ૧૯ / તાપી તા. ૨૯–૮–૧૯૭૭

આ.વે. મુકત પ્ર. પત્ર નં. એસ. આર. ટી./સી. આઈ. ટી. II
ટેક./80G (5) / M. K. T / ૨૦૧૦–૧૧ થી કાયમી

જા. નં. ૧૦૩/૨૦૨૫-૨૬ પ્રમુખ : શ્રી સત્યજીત બલ્લુભાઈ દેસાઈ તા. ૨૭-૦૧-૨૦૨૬

સર્વમાં ઈશ્વરના દર્શન કરો.

પ્રતિ,

વિષય:- ભરતી માટેની લેખિત પરીક્ષામાં તા:- ૦૮/૦૨/૨૦૨૬ રવિવારના રોજ હાજર રહેવા બાબત

સુજ્ઞશ્રી,

ઉપરોકત વિષય સંદર્ભે જણાવવાનું કે માનવ કલ્યાણ ટ્રસ્ટ,બુહારી સંચાલિત, શ્રી મોરારજી રણછોડજી દેસાઇ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વિરપોર,બુહારી. કોલેજમાં તા- ૧૯/૦૯/૨૦૨૫ ની NOC ક્રમાંક:કવટ/isc3/વર્ગ-3/NOC/23015-17 તા. ૧૯-૦૯-૨૦૨૫ જાહેરાત મુજબ હેડ કલાર્ક, સિનિયર ક્લાર્ક, અને જુનિયર ક્લાર્ક ની જગ્યાની ભરતી માટેની પ્રાથમિક પરીક્ષા તા:- ૦૮/૦૨/૨૦૨૬ રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આપશ્રીની અરજીના સંદર્ભમાં આપને નીચે પ્રમાણે લેખિત પરીક્ષામાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

- **પરીક્ષા તારીખ:- ૦૮/૦૨/૨૦૨૬ (રવિવાર)**
- **પરીક્ષાનો સમય:-૧૧:૦૦ થી ૧૨:૦૦ (જુનિયર ક્લાર્ક ST, SEBC) (પરીક્ષાખંડ માં ઉમેદવારે ૧૦:૦૦ કલાકે બેસી જવું. ત્યાર પછી આવનાર ઉમેદવાર ને બેસવા દેવામાં આવશે નહિ)**
- **પરીક્ષાનો સમય:-૦૧:૩૦ થી ૦૨:૩૦ (સીનીયર ક્લાર્ક) (પરીક્ષાખંડ માં ઉમેદવારે ૧૨:૩૦ કલાકે બેસી જવું. ત્યાર પછી આવનાર ઉમેદવાર ને બેસવા દેવામાં આવશે નહિ)**
- **પરીક્ષાનો સમય:- ૦૪:૦૦ થી ૦૫:૦૦ (હેડ ક્લાર્ક) (પરીક્ષાખંડ માં ઉમેદવારે ૦૩:૦૦ કલાકે બેસી જવું. ત્યાર પછી આવનાર ઉમેદવાર ને બેસવા દેવામાં આવશે નહિ)**
- પરીક્ષાનું સ્થળ:- માનવ કલ્યાણ ટ્રસ્ટ,બુહારી સંચાલિત, શ્રી મોરારજી રણછોડજી દેસાઇ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વિરપોર, બુહારી.

નોંધ:-

1) પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.
2) નિયત સમય પહેલા એક કલાક અગાઉ જણાવેલ સ્થળે હાજર રહી નિયત કરેલ પત્રકમાં સહિ કરવાની રહેશે.
3) ગુજરાત સરકાર અને યુનિવર્સિટી ધારા-ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમીશનરશ્રીની કચેરી ના NOC ક્રમાંક:કવટ/isc3/વર્ગ-3/NOC/23015-17 તા. ૧૯-૦૯-૨૦૨૫ ના પરિપત્ર મુજબની શરતો ને આધિન રહેશે.
4) પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતિ કરતા ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.
5) પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારનું સાહિત્ય, નોન પ્રોગ્રામેબલ કેલ્ક્યુલેટર સિવાય અન્ય કોઇપણ પ્રકારના ઇલેક્ટ્રિક ઉપકરણો, મોબાઇલ નો તેમજ બ્લુટૂથ, સ્માર્ટ વોચનો ઉપયોગ કરવો નહિ. જો લાવશો તો ગેરલાયક ગણવામાં આવશે.
6) ઉમેદવારે માત્ર <u>બ્લેક અથવા બ્લુપેન</u> નો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઇપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ ઓ.એમ.આર. શીટમાં કરવો નહીં.

પ્રમુખ
માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારી.

સર્વમાં ઈશ્વરની સેવા કરો.
ભલા બનો ભલુ કરો.
સેવા એજ પૂજા છે.
સેવા એજ ધર્મ છે.
ઈશ્વર એટલે શાંતિ.
ઈશ્વર એટલે આનંદ.
ઈશ્વર એટલે પ્રેમ.
અનુભવો કે હું પવિત્ર અમર આત્મા છું.

" પ્રેમ મહાન – પૈસા નહિ , કર્તવ્ય મહાન – વ્યકિત નહી "

# માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારી

" બલ્લુકાકા સંકુલ "

મુ. પો. બુહારી તા. વાલોડ, જી. તાપી (દક્ષિણ ગુજરાત)


એસ.ટી.ડી. : ૦૨૬૨૫
ઓફિસ : ૨૪૪૨૩૪/૨૪૪૨૩૫
કોલેજ : ૨૪૪૮૭૪
વિદ્યાલય : ૨૪૪૨૩૧
નિવાસ : ૨૪૪૨૪૨



પબ્લીક ટ્રસ્ટ નં. એફ. ૧૯ તાપી તા. ૨૯–૮–૧૯૭૭
સો રજી. નં. ગુજરાત ૧૯ / તાપી તા. ૨૯–૮–૧૯૭૭

આ.વે. મુકત પ્ર. પત્ર નં. એસ. આર. ટી./સી. આઈ. ટી. II
ટેક./80G (5) / M. K. T / ૨૦૧૦–૧૧ થી કાયમી


જા. નં. ૬૦૩/૨૦૨૪-૨૫ | પ્રમુખ : શ્રી સત્યજીત બલ્લુભાઈ દેસાઈ | તા.૨૭ -૦૧ -૨૦૨૫

સર્વમાં ઈશ્વરના દર્શન કરો.

સર્વમાં ઈશ્વરની સેવા કરો.

ભલા બનો ભલુ કરો.

સેવા એજ પૂજા છે.

સેવા એજ ધર્મ છે.

ઈશ્વર એટલે શાંતિ.

ઈશ્વર એટલે આનંદ.

ઈશ્વર એટલે પ્રેમ.

અનુભવો કે હું પવિત્ર અમર આત્મા છું.

7) પરીક્ષા માટે ઉપસ્થિત થયેલ ઉમેદવારે આઈડી પ્રૂફ માટે આધાર કાર્ડ/ પાન કાર્ડ/ ચૂંટણી કાર્ડ/ ડ્રાઈવિંગ લાઇસન્સ/ પાસપોર્ટનાં અસલ પુરાવાઓ બિનચૂક સાથે લાવી પરીક્ષા પૂર્વે રજુ કરવાના રહેશે.

8) કોલ લેટર કમ હાજરી પત્રકમાં તાજેતરનો ફોટો લગાવી લાવવાનો રહેશે.

9) આ લેખિત પરીક્ષાનું માળખુ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર, દ્વારા લેવાતી પરીક્ષા મુજબનું રહેશે.

10) પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નનો ૦૧(એક) ગુણ રહેશે. દરેક ઉત્તરપત્રમાં જવાબ લખવાનો સમય ૬૦ મિનીટ નો રહેશે. ઉમેદવારે બધા પ્રશ્નનોના જવાબ આપવાના રહેશે.

11) ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા જવાબ દીઠ કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબ દીઠ મેળવેલ ગુણ માંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટિવ માર્કિંગ લાગુ પડશે.

12) દરેક પ્રશ્નનોના જવાબોમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવારે કોઇ પ્રશ્નનોના જવાબ આપવા ન ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે. અને "Not Attempted" વિકલ્પ પંસદ કરવાના કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહિ.

13) પ્રશ્નના આપેલ બધા વિકલ્પ પંસદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી(નેગેટિવ માર્કિંગ)કરવામાં આવશે.

14) પરીક્ષા શરુ થયેથી કોઇ પણ ઉમેદવાર બ્લોકમાં અધવચ્ચે પરીક્ષાખંડ છોડી શકશે નહિ.

15) ચેતવણી સંસ્થા દ્વારા થઇ રહેલી ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યક્તિ દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાનાં અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ઉપર કોઈ પણ જાતની ભલામણ/ લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશો તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠેરવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

16) વિશેષ સુચના: ઉમેદવારોને લાંચ રુશ્વત/ લાંચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે.

17) લાયક પ્રથમ ૦૭ ઉમેદવારોને અગાઉની પરીક્ષા માટે કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

18) પરીક્ષાનાં દિવસે પરીક્ષાનો બેઠક નંબર અને વર્ગ/ બ્લોક ની જાણ કરવામાં આવશે.

19) પરીક્ષા સમયે ઉમેદવારે વાહનો ટ્રસ્ટની ઓફીસ નાં કેમ્પસ માં પાર્ક કરવાના રહેશે. તથા પરીક્ષાસ્થળે ફક્ત ઉમેદવાર જ જઈ શકશે.

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
માનવ કલ્યાણ ટ્રસ્ટ, બુહારી.